ગઈકાલે શરદ પૂનમ હોવાથી બધાંએ સાથે મળી દૂધ પૌંવાનો પ્રોગ્રામ કરેલો, ત્યારે રંજનકાકી વિજયની વાતે રોંદણાં રડતાં કહેતા હતા, હું તો આ છોકરાથી તંગ આવી ગઈ છું

જયારથી રંજનબેનનું કુટુંબ અમારા પાસેના ઘરમાં રહેવા આવ્યું છે. ત્યારથી ખુબ ચહલપહલ રહે છે. તેમના કુટુંબમાં, કાકા, કાકી તેમનાં ચાર બાળકો બે છોકરાને બે છોકરીઓ. ધીરે ધીરે પરિચય વધતો ગયો. હવે રંજનકાકી અને તેમની છોકરીઓ બિન્દાસ મારા ઘરમાં એ રીતે આવતી જતી થઈ ગઈ છે જાણે કે એ તેમનું જ જ ઘર હોય. કયારેક તેમને લોટ જોઈએ તો કયારેક મીઠું, કયારેક ખાંડ જોઈએ તો કયારેક ચ્હાની પત્તી. એટલું જ નહીં મારું ફ્રિજ અને કુકર પણ વધારે પડતું તો તેમને જ કામ લાગવા લાગ્યું છે. શરુઆતમાં આ બધું ગમતું નહીં. વિચિત્ર લાગતું. પણ હવે ધીરે ધીરે આદત પડી ગઈ છે. ખેર! જવા દો ને આડોશ-પાડોશમાં આવું તો ચાલ્યા કરે. એમ વિચારી મારી જાતને દિલાસો આપું છું.અત્યાર સુધીમાં મને એટલું તો સમજાઈ ગયું છે કે ઘર-કુટુંબની બાબતમાં પરફેકશન મુશ્કેલ છે. જે લત મને રંજન કાકી અને તેમનું કુટુંબ જાણે કે છોડાવવા મજબુર કરતું હતું.

ચાલો ત્યારે આજે હું તમને કુટુંબનો પરિચય પણ જરા કરાવી દઉં. કાકા ખુબ સીધા સાદા અને કામથી કામ રાખવાવાળા વ્યક્તિ. ન કોઈને કંઈ કહેવું કે ન કોઈનું સાંભળવું. બા એ દુનિયા જોયેલી તેથી તેજ-તર્રાર વહુ સાથે કઈ રીતે વર્તવું એ તેમને બહુ સારી રીતે આવડતું હતું. તેથી રંજન કાકીની દાળ તેમની પાસે કયારેય ગળે એમ ન હતી. મોટી દીકરી રીટા હુબહુ માંની કોપી, દેખાવે જ નહીં આદતોથી પણ. તે બંનેમાં કોણ વધુ હોંશિયાર અને ચતુર છે તે કહેવું મુશ્કેલ નહીં તો આસાન પણ નહીં જ. રીટાથી નાનો વિજય સીધો સાદો સરળ સ્વભાવનો ખુબ મિતભાષી છોકરો, તેને જોઈને કયારેક એમ લાગે કે ભગવાને તેને જીભ જ આપી નથી. માં અને બહેનોની દ્દષ્ટિએ એ એકદમ મુર્ખ અને નક્કામો વિજયથી નાનો ગીતા તેને કોઈ સાથે કંઈ નિસ્બત નહીં એ તો પોતાની મસ્તીમાં મસ્ત. સૌથી નાનો છોકરો મુકુલ ખુબ ચપળ ચંચળ અને ઘરમાં સૌનો લાડકો. ભગવાનનું દીધેલું એમના ઘરમાં બધું જ. પણ કદાચ તેને જાળવાની રીત કે સમય કોઈ પાસે નથી.

તે દિવસે રજાનો દિવસ હતો. હું બહાર ઓટલા પર ખુરશી રાખી છાપું વાંચતો હતો. 'શું સવાર સવારમાં છાપું લઈને બેસી ગયા છો. આજે તમારા કાકા પણ ઘેર છે. આવો સથે ચ્હા પીએ.' રંજન કાકી એ બહાર ડસ્ટબીનમાં કચરો ફેંકી હાથમાં સાવરણી લઈ મારા તરફ આવતાં કહ્યું.

હું ઊભો થઈ તેમના ઘેર ગયો. એટલે રીટા બધાં માટે ચ્હા લઈ આવી. બધા ચ્હા પીવા લાગ્યા પણ વિજયને કોઈએ પુછ્યું નહીં. મેં પુછ્યું એટલે ગીતાએ પોતે પીતી હતી તેમાંથી અડધો કપ પીધેલી ચ્હા તેને પકડાવતાં બોલી, 'લે તું જ પી લે મને પીવાની ઈચ્છા નથી.' મને આ ન ગમ્યું. પણ હું કંઈ બોલી શક્યો નહીં. આટલા દિવસોના નજીકના સંપર્કને કારણે હું એટલું સમજી શક્યો હતો કે વિજયને બધા ઘરમાં કંઈ ગણતાં જ નથી.

એક દિવસની વાત છે. હું ગેલેરીમાં ઊભો હતો. મેં જોયું તો નાનો મુકુલ એક મોટી સાયકલને કેંચી મારીને ચલાવવાનો પ્રયાસ કરે છે. અને તેની પાછળ પાછળ દોડતો વિજય તેને કરગરે છે. 'મુકુલ પ્લીઝ મને એકવાર જરા સાયકલ ચલાવવા દે ને!' અચાનક રંજન કાકીનો અવાજ સંભળાયો.' તારામાં જરાય અક્કલ છે ખરી, શું જોઈને સાયકલ માંગેએછે. તમે કુંડાઓમાં પાણી રેડવાનું કહેલું, ચુપચાપ એ કામ કર.' થોડીવાર હું ચુપચાપ ઊભો ઊભો આ બધું જોતો રહ્યો. પછી મુકુલને બુમ પાડીને કહ્યું. 'મુકુલ થોડીવાર ભાઈને સાઈકલ ચલાવવા દે' મુકુદે વિજયની તરફ જરા અલગ દૃષ્ટિએ જોયું પછી એમ કહીને રફુચક્કર થઈ ગયો કે 'એનામાં અક્કલતો છે નહીં એ સાયકલ શું ચલાવવાનો હતો.' હું તો અવાચક્ એમ જ ઊભો રહી ગયો.

ગઈકાલે શરદ પૂનમ હોવાથી બધાંએ સાથે મળી દૂધ પૌંવાનો પ્રોગ્રામ કરેલો. ત્યારે રંજનકાકી વિજયની વાતે રોંદણાં રડતાં કહેતા હતા. હું તો આ છોકરાથી તંગ આવી ગઈ છું. તેના પપ્પા એ તેના માટે ટ્યુશન પણ રખાવ્યું છે. છતાં તેને પાસ કરાવવા અમારે કેટકેટલું કરવું પડશે એ જ ખબર પડતી નથી. તેમાં આ વખતે તેની દશમાની બોર્ડની પરીક્ષા છે. તેમાં કોણ જાણે શું થશે?

મેં સમજાવ્યું કે તમે પોતે જયાં સુધી તેનામાં રૂચી નહીં લો અને તેને સમય અને વિશ્વાસ નહીં આપો ત્યાં સુધી ટ્યુશનનો કોઈ અર્થ નથી. એટલું જ નહીં મેં ઘરનાં બધાંનો વિજય પ્રત્યેના અણગમા ભર્યા વર્તાવ તરફ પણ ધ્યાન દોર્યું છે. તે દિવસે કોણ જાણે કઈ રીતે તેમને મારી વાત સ્પર્શી ગઈ. બીજા દિવસથી સવાર સાંજ વિજયને ભણાવવા અને સમજાવવાના અવાજો આવવા લાગ્યા. તેના થોડા દિવસ બાદ વિજયનો જન્મ દિવસ આવ્યો. તે દિવસે તેમણે અમને બોલાવ્યા. અને કેક કાપી. હું ખુશ થયો. લો એટલું તો સારું થયું કે મારી વાતની કંઈક અસર પડી. મેં વિજયને તેના જન્મ દિવસના અભિનંદન પાઠવ્યા ત્યારે ઊંડો શ્વાસ લઈ એ એટલું જ બોલ્યો, 'ખબર નહીં આજે સુરજ કઈ દિશામાં ઉગ્યો છે.'

તે વર્ષે રંજનકાકીની મહેનત ફળી. વિજય દશમીમાં પાસ થઈ ગયો. તે સવારમાં પેંડા લઈ મને ખુશખબર આપવા આવ્યો. મને ચરણ સ્પર્શ કરીને બોલ્યો. 'અંકલ હું પાસ થઈ ગયો.' મેં તેને અભિનંદન આપતાં જયારે પુછ્યું કે 'આજનો સુરજ પૂર્વમાં જ ઉગ્યો છે ને!' ત્યારે એ શરમાઈને હસી પડ્યો.

- vanvihari@gmail.com

હજી માણસાઈના દીવા બુઝાયા નથી

તંત્રીસ્થાનેથી....

શરદપૂનમની સાત્ત્વિક અને શાતાદાયક ચાંદની જેવી ઘટના છે ખોવાયેલી મૂંગી ભારતીય બાળાનું પ્રત્યર્પણ. ભારતની સરહદેથી ગુમ થયેલી ગીતા હેમખેમ પાછી આવી ગઈ છે. એને વહાલભેર ભેટીને આવકારતાં વિદેશમંત્રી સુષમા સ્વરાજ અને માથે હાથ મૂકી આશીર્વાદ પાઠવતા વડાપ્રધાનની તસવીરો નિહાળી કોઈ પણ સંવેદનશીલ માનવીને પ્રસન્નતા જ થાય. સોનાની લંકાને ઠોકર મારીને ભગવાન રામચંદ્રે અયોધ્યા પાછા ફરવાનું પસંદ કર્યું હતું. ગીતા નામની આ સાધારણ ભારતીય કન્યાને પણ એની જન્મભૂમિ સ્વર્ણથી અદકેરી વહાણી છે, એથી એણે તમામ શારીરિક મર્યાદાઓ વચ્ચે ભારત પાછા ફરવાની રઢ લીધી હતી. ગીતાએ જણાવ્યું છે કે એનું હૈયું હંમેશા ભારતમાં જ હતું. પાકિસ્તાનના 'ઈદી ફાઉન્ડેશન'ને ગીતાની સારસંભાળ રાખવા બદલ બિરદાવાયું એટલું જ નહીં, વડાપ્રધાને એક કરોડ રૂપિયાનું અનુદાન આપીને એની કદર પણ કરી. બે દુશ્મન પાડોશી દેશો વચ્ચે ગીતા નામની એક ભટકી ગયેલી છોકરી સૌહાર્દનો સંદેશવાહક બનીને આવી છે. ગીતા પંદર વર્ષ અગાઉ સમઝૌતા એક્સપ્રેસ ટ્રેનમાંથી લાહોર રેલવે સ્ટેશન પર 'પાકિસ્તાન રેન્જર્સ' (આપણા સરહદ સુરક્ષા દળ જેવી જ પાકિસ્તાનની અર્ધલશ્કરી સંસ્થા)ને મળી આવી હતી. તે સમયે તે સાત-આઠ વર્ષની માસૂમ દીકરી હતી. એને સેવાભાવી સંસ્થા ચલાવતા બિલ્કીસ ઈદીએ દત્તક લઈ લીધી હતી. આવું પુણ્યકાર્ય કરનારાં લોકો દુનિયાના ખૂણે ખૂણે પથરાયેલાં છે. એમને મન માણસાઈ એ જ સૌથી મોટી અને મોંઘી મિરાત છે. તેથી આ પરિવારે ગીતા હિંદુ દેવદેવીઓને માનતી હોવાનો અંદાજ આવતાં જ એના માટે ખાનપાન સહિત તમામ બાબતોની કાળજી લીધી હતી. પાકિસ્તાનમાં ભટકી ગયેલા હિંદુસ્તાનીઓની કેવી દુર્દશા થતી હોય તેના દાખલા ટાંકવાની જરુર નથી. એમની સરખામણીમાં ગીતાને તો નવું ઘખર જ મળી ગયું હતું. પરંતુ એનો જીવ ભારતમાં જ પરોવાયેલો હતો, અને આ બાબતે એનાં પાલક સ્વજનો પણ ખૂબ જ ચિંતિત હતા. આખરે એમને ગીતાને એના દેશમાં પહોંચાડવાનો પુરુષાર્થ આદર્યો હતો એમાં બેઉ દેશોના સરકારી તંત્રનો સહકાર સાંપડ્યો છે અને ગીતાને એની માતૃભૂમિમાં પાછા ફરવાનો લહાવો સાંપડ્યો છે. ગીતાને પોતાની ખોવાયેલી પુત્રી માનતા મહતો પરિવારને એ ઓળખી શકી નથી, તેથી હાલ પૂરતી એની સોંપણી અટકી છે. સરકારી તંત્ર ગીતાનો એના અસલ પરિવાર સાથે મેળાપ કરાવી આપવા સંકલ્પબદ્ધ છે. આપણે આ મેળાપ બહુ જ જલ્દી થાય એવી પ્રાર્થના કરીએ. ગીતા જેમ પાકિસ્તાન પહોંચી ગઈ હતી એમ અપરમાના ત્રાસથી ઘર છોડીને કરાંચીથી ભાગી છૂટેલો રમજાન ભારત આવી ગયો હતો. પંદર વર્ષનો રમજાનને ભારત 'રિટર્ન ગિફ્ટ' તરીકે પાકિસ્તાનને સોંપશે. આવાં માનવતાવાદી 'જેસ્ચ્યર્સ' - સંકેતો દુનિયામાં હજી માણસાઈના દીવા ટમટમી રહ્યા હોવાના પુરાવા સમાન જ લાગે.

પાણિયારું, દૂધપાક અને ઈંઢોણીનું અંગ્રેજી શું કરીશું?

ભોજનમાં ભેળસેળ એ કાયદાની દ્રષ્ટીએ જો ગુનો હોય તો ભાષાની ભેળસેળને કેમ ચલાવી લેવાય? દૈનિક વ્યવહારુ ભાષામાં કેટલા બધા અંગ્રેજી શબ્દોએ ઘુસણખોરી કરી છે, તેનું અનુમાન આપણને નથી. પંન્યાસ મુક્તિવલ્લભ વિજયજીએ તેમના પુસ્તક 'ભવ્યભાષા માતૃભાષા' (પ્રકાશક-પ્રજ્ઞા પ્રબોધ પરિવાર, મુંબઈ) માં ગુજરાતીઓની અંગ્રેજી ભાષાની ઘેલછાને વ્યક્ત કરતી હદય સોંસરવી વાત કરી છે. કાન દઈને સાંભળો આપણી પોતાની વાત : 'ઘણા બધા ગુજરાતી પરિવારો મકાનમાં નથી રહેતા, બિલ્ડિંગમાં રહે છે, બિલ્ડિંગના કોઈ માળ પર નહિ, ફ્લોર પર રહેતા હોય છે. એ પહેલો,બીજો કે ત્રીજો ફ્લોર નથી હોતો, પણ ફર્સ્ટ, સેકન્ડ કે થર્ડ ફ્લોર હોય છે. તે ફ્લોર જવા દાદરો નથી હોતો, સ્ટેરકેસ હોય છે. તે ફ્લોર પર નિવાસખંડ નથી હોતો, ફ્લોર હોય છે. તે ફ્લેટને દરવાજો નથી હોતો પણ મેઈન ગેટ હોય છે. તે ફ્લેટમાં ભોંયતળીયું નથી હોતું પણ ફ્લોરિંગ હોય છે. છત નથી હોતી, સીલીંગ હોય છે. દીવાલ નથી હોતી વૉલ હોય છે. રસોડું નથી હોતું કિચન હોય છે. દીવાનખાનું નથી હોતું ડ્રોઈંગરૂમ હોય છે. કોઠાર નથી હોતો સ્ટોરરૂમ હોય છે. શયનખંડ નથી હોતો બેડરૂમ હોય છે. જાજરું નથી હોતું ટોયલેટ હોય છે. સ્નાનખંડ નહિ બાથરૂમ હોય છે. તેમના ઘરમાં એકેય ઓરડો નથી હોતો પણ બધી રૂમ હોય છે. ઝરૂખો નથી હોતો, બાલ્કની હોય છે. મકાનને અગાસી નથી હોતી, ટેરેસ હોય છે. બારી નથી હોતી પણ વિન્ડો હોય છે. બાંકડો નથી હોતો પણ સોફા હોય છે. તેમના ઘરમાં દિવાલો રંગેલી નથી હોતી પણ પઈન્ટ કરેલી હોય છે. ફૂલદાની નથી હોતી ફ્લાવરપોટ હોય છે.ઘરમાં કબાટ નહિ કપબોર્ડ હોય છે. કાચનું કબાટ નથી હોતું શૉ-કેસ હોય છે. અભરાઈ નથી હોતી સેલ્ફ હોય છે. રાચરચીલું નથી હોતું, ફર્નિચર હોય છે. બાંધકામ નથી કરતા, કંસ્ટ્રક્શન કરે છે. તેઓ ઘરને તાળું નથી મારતા લૉક મારે છે. ગુરખો નથી રાખતા વૉચમેન રાખે છે. ભાડા પર નહિ રેન્ટ પર હોય છે. મકાનને હદ નથી હોતી બાઉન્ડરી હોય છે. રસોડામાં ચૂલો નથી હોતો, ગેસસ્ટવ હોય છે. થાલી નથી હોતી ડીશ હોય છે. પવાલું નથી હોતું ગ્લાસ હોય છે. ચમચી નથી હોતી સ્પૂન હોય છે'.

આપણી કરુણતાને આપણે મનમાં લઈને નહિ, મોઢામાં મમળાવતાં ફરીએ છીએ. અંગ્રેજીની અંગ્રેજીયત હોઠ પર મલકાય છે ત્યારે માતૃભાષા ગૂંચળું વળીને ક્યાંય પડી રહે છે. તેને બહાર આવવાના માર્ગો પરના અનેક સ્વજનોને ઠાર કરવામાં આવે છે. સમાજમાં કેટલીક અતાર્કિક દલિલો હંમેશા સાંભળવા મળે છે : ....જેમકે, 'અંગ્રેજી નહિ આવડે તો કશું નહિ કરી શકે... આગળ જતા તો બધું અંગ્રેજીમાં જ આવે છે... નોકરી માટે અંગ્રેજી આવડવું ફરજીયાત છે.... અમે તો અંગ્રેજી ભણ્યા નહિ પણ તમે તો જાણો... વગેરે. વાસ્તવિકતા કંઈક જુદી છે. બાળકની જે માતૃભાષા હોય તે જ ભાષામાં તે કોઈ પણ વિષયને વધુમાં વધુ સારી રીતે સમજી શકે. પ્રકાશસંશ્લેષણની ક્રિયાનેજ સમજવા ગુજરાતી ભાષા સરળ પડે કે અંગ્રેજી? અન્ય ભાષામાં વિષયની સંકલ્પના કે વિભાવના સમજવી ખૂબ મુશ્કેલ લાગે. અનેક મનોવૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે માતૃભાષામાં ભણતા બાળક કરતા અન્ય માધ્યમમાં અભ્યાસ કરતા બાળકે છ (૦૬) ગણી વધુ મહેનત કરવી પડે છે. તેની બધી સર્જનાત્મકતા ગોખવામાં ગુલ થઈ જાય છે. કેટલીક અંગ્રેજી માધ્યમની શાળાઓ માતૃભાષા બોલતા બાળકને વિચિત્ર સજાઓ આપતા હોય છે. અરે ! માતાને સંભાળવાથી અને બોલવાથી પણ સજા મળે ખરી? સમયાંતરે બાળકના મનમાં માતૃભાષા પ્રત્યે સંઘર્ષ જન્મે અને મનમાં અનેક વિકૃતિઓ ઘર કરી જાય. પોતાના લોકોમાં તે મહેમાન બનીને આવન-જાવન કરવા લાગે. લાંબા ગાળે તે બાળક ભારતીય પહેરવેશ, ઉત્સવો, ભોજન, ભાષા અને બોલી પ્રત્યે સૂગ ધરાવતો થાય તો જ આશ્ચર્ય!

ગુજરાતી પરિવારોમાં ગુજરાતી માધ્યમમાં ભણીને સ્નાતક બનેલી મમ્મી પોતાના કોન્વેન્ટ સ્કુલમાં ભણતા દિકરાને કે દિકરીને નવડાવતી, ખવડાવતી કે ખખડાવતી વખતે જે ભાષા વાપરે છે, તે કંઈક આવી હોય છે : 'શિટ્, તારા લેગ્સ કેટલા ડટી છે? ક્યાં પ્લે કરી આવ્યો? પ્લીઝ, ગો ટુ બાથરૂમ, તારા હેન્ડસ અને લેગ્સ ક્લીન કરી આવ, લર્ન કરવા બેસતો નથી અને પ્લે કરવા ચાલ્યો જાય છે ! આફટર સેવન ડેઝ તારી એક્ઝામ છે ! લર્ન કર્યા વગર એક્ઝામમાં તું શું રાઈટ કરીશ?

આંતરરાષ્ટ્રીય રાજનીતિના વિષય પર પીએચ.ડી કરનાર ડૉ. વેદપ્રતાપ વૈદિકે ૫૦ દેશોનો પ્રવાસ કરેલો છે. અનેક ભાષાના જાણકાર છે. તેમની દ્રઢ માન્યતા છે કે ભાષાગત આઝાદી વિના રજનૈતિક આઝાદી અપૂર્ણ છે. તેમણે 'હિન્દી લાવો, અંગ્રેજી હટાવો' નામના હિન્દી પુસ્તકમાં સ્વભાષાગૌરવના હેતુઓ અને અંગ્રેજીની ભ્રાંતિઓ દૂર કરી છે.તેઓ કહે છે : 'છેલ્લા ૨૦૦ વર્ષથી આપના વિશ્વવિદ્યાલયોમાં અંગ્રેજીનું સતત રટણ ચાલું હોવા છતાં આજ દિન સુધી કોઇ શેક્સપિયર, મિલ્ટન, વડ્સવર્થ નથી પેદા થયો. બે હજાર વર્ષ સુધી પણ શક્ય નથી. દરેક સાહિત્યકાર સ્વભાષામાં ખીલી શકે. કાલિદાસ કે તુલસીદાસ ભારતની ભૂમિમાં વિકસી શકે. જેને તમે વિશ્વભાષા માનો છો તેમાં કારકુનો અને અમલદારો જ પેદા થઈ શકે. પેપ્સી કે કોલા જીભને ગમે એટલા ભાવી જાય તો પણ તે પાણીનું

અનુસંધાન પાના નં. ૭ પર

સંબંધના ચાર પાયા : પ્રેમ, વફાદારી, વિશ્વાસ, ક્ષમા

મહાન સૂફી સંત અને શાયર રુમિએ કહ્યું છે કે ''પ્રેમમાં તમે વિશ્વાસ રાખો, સામી વ્યક્તિ તમારા ઉપર રાખે એવી અપેક્ષા તો મુર્ખામી છે.''

પ્રેમસંબંધ સાથે લગ્નબાહ્ય સંબંધની પણ વાત કરીએ. ભારતીય હિન્દુ સંસ્કૃતિની લગ્નવ્યવસ્થા (૧) પ્રેમ, (૨) વફાદારી, (૩) વિશ્વાસ અને (૪) ક્ષમાના ચાર પાયા ઉપર અડીખમ ઉભી છે. એકાદ પાયો પણ હલી જાય ત્યારે ઈમારત તૂટી ન પડે તો પણ ક્ષતિગ્રસ્ત તો અવશ્ય થાય.

પ્રેમની વાતો તો ખુબ થાય છે. પ્રેમ બોલીને નહીં, આચરણ દ્વારા પ્રિયજનને અહેસાસ કરાવવાનો હોય છે. તમે કોઈને પ્રેમ કરો છો, તો એના માટે મરી જવા કે જીવ આપી દેવાના બદલે તેને ગમે છે, એવી રીતે જીવવાનું શરુ કરો તો એ પ્રેમ જ છે. વફાદારી એકવીસમી સદીમાં ધોળે દહાડે દીવો લઈને શોધવા જેવું અઘરું ઘરેણુંછે. વિશ્વાસ તમે આંખો બંધ રાખીને મૂકી શકો એવી વ્યક્તિ પણ આજે રેર અને અમૂલ્ય ગણાય. ''ક્ષમા વીરસ્ય ભૂષણમ્'' ઋગ્વેદમાં ભલે આમ કહેવાયું હોય, પરંતુ જે વીરપુરુષ હોય તે પણ એકથી વધુ વખત ક્ષમા આપી આપીને થાકી-કંટાળી જાય.

મહાભારતની શિશુપાલ-વધની કથા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણએ પણ શિશુપાલને ૧૦૦ વખત માફ કર્યો હતો અને તેને અપશબ્દો-ખરાબ વ્યવહાર બદલ ૧૦૦ વખત ક્ષમા આપી હતી. પરંતુ ૧૦૦ વાર એકની એક ભૂલની ક્ષમા કે માફી ન હોઈ શકે, એવું તો ભગવાન શ્રીકૃષ્ણએ પણ કહીને અને કરીને બતાવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણએ તો સુદર્શન ચક્રથી શિશુપાલનું માથું ધડથી અલગ કરી નાખ્યું હતું. ભગવાને તો શિશુપાલની માતાને વચન આપ્યું હતું અને વચનથી બંધાયેલા હતા કે પોતે તેના પુત્રને ૧૦૦ વાર માફ કરશે પણ ૧૦૦ વાર પછી માફ નહીં જ કરે.

હિન્દુસ્તાનમાં રામાયણયુગ સાથે ''એકપત્ની-સદા બ્રહ્મચારી''નું સૂત્ર ચાલ્યું આવ્યું છે. ''પર સ્ત્રી માત સમાન'' એમ આપણી સંસ્કાર પરંપરામાં કહેવાયું છે. લગ્નજીવનમાં વફાદારીની અપેક્ષા રાખવામાં આવતી હોય છે. પ્રેમસંબંધમાં પણ વફાદારીની અપેક્ષા રાખવામાં આવતી હોય છે. એકવીસમી સદીમાં કદાચ આ બધું વધારે પડતું ના ગણાય?

એકવીસમી સદીમાં સ્ત્રી જો પોતાના સાથીને ફ્લર્ટ કરતા પકડી પાડે તો પુરુષ એવો જવાબ આપે છે કે ''ધીસ ઈઝ ઓલ, જસ્ટ ફોર ફન.

> **ભીતરથી દુ:ખી કપલ્સે સમાજ અને દુનિયા સમક્ષ પરાણે સ્માઈલિંગ ફેસ રાખવો પડતો હોય છે, જેમને સમાજ "હેપ્પી કપલ" અને "હેપ્પીલી મેરિડ લાઈફ" તરીકે ઓળખાવતા હોય છે, ભીતરની વાત તો આ બે જણા જ જાણતા હોય છે**

નથિંગ ડુઈંગ.'' અને જો પુરુષ પોતાની સાથીને ફ્લર્ટ કરતા પકડી પાડે તો સ્ત્રી પણ એવો જ જવાબ આપે છે કે ''ઓહ, ઓકે. ધીસ ઈઝ જસ્ટ ફોર ચેન્જ ધ મૂડ. નથિંગ રોંગ.''

સ્ત્રી કહે છે કે ''પણ, મેં અધર વૂમન સાથે વોટ્સએપ મેસેજીસમાં તારી સેક્સટિંગ મારી સગ્ગી આંખે વાંચી છે ને.'' (સેક્સટિંગ-સેક્સી ચેટિંગ એટલે કે કામૂક વાતચીત)

પુરુષ બચાવ કરે છે કે ''ઓહ, કમ ઓન યાર. માત્ર સેક્સટિંગ જ કરી છે, મારે એની સાથે એવું બીજું કશું જ નથી.''

હવે પુરુષ જ્યારે સ્ત્રીનું આવું કન્વર્સેશન સ્માર્ટ ફોનમાં વાંચી બેસે છે ત્યારે સ્ત્રી પણ બચાવમાં કહી દે છે કે ''અરે, યાર. તું તો જાણે છે ને કે, મને મજાક કરવાની આદત છે. આ બધું તો મેં એની સાથે ફક્ત મજાકના મૂડમાં જ લખ્યું હતું. રિયલ લાઈફમાં મારે એની સાથે એવું બધું કશું જ નથી, જેવું તું વિચારે છે. કમ ઓન યાર, હેવ ફન.''

પ્રેમસંબંધમાં બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડના સંબંધ ફેવિકોલ જેવા મજબુત હોતા નથી. તો બીજી તરફ લગ્ન થયા પછી પણ પ્રેમસંબંધ ના બંધાય એની કોઈ ગેરંટી હોતી નથી. પતિ-પત્ની વચ્ચે જ્યારે કોઈ પણ વાતે ખટરાગ થાય છે, ત્યારે ત્યારે ખટરાગનો સરવાળો લગ્નસંબંધનો ભાગાકાર કરી નાખે છે. પતિથી રિસાયેલી પત્ની તેના પતિને બતાવી દેવા ખાતર પણ વિજાતિય આકર્ષણમાં ખેંચાઈ જાય છે, તો પત્નીથી તરછોડાયેલો પતિ પણ ઘર બહાર સુખની તલાશ કરે છે.

લગ્નબાહ્ય સંબંધ એ પતિ-પત્ની વચ્ચેના ખટરાગનું એક માત્ર કારણ નથી. લગ્નબાહ્ય સંબંધ સંખ્યાબંધ કારણોથી બંધાતા અને તૂટતા રહેતા હોય છે. પતિએ પપત્નીને અને પત્નીએ પતિને ''વફાદાર'' રહેવું જોઈએ કે એકમેકને ''દગો'' ના કરવો જોઈએ, એવી બધી વાતો હવે એકવીસમી સદીમાં વરાળ બનીને ઊડી ગઈ છે. લગ્ન પછી પણ એક વ્યક્તિ અન્ય વ્યક્તિને પસંદ કરે અને સંબંધ રાખે એ વાત જાણીને હવે કોઈને નવાઈ લાગતી નથી.

જો કે બધા જ લગ્નબાહ્ય સંબંધ જાહેર નથી થતા એવું પણ નથી અને પછી બે વાસણ ખખડે પણ છે અને ઘણા બધા કિસ્સાઓમાં વાત ડિવોર્સ સુધી પણ આવી જતી હોય છે. ઘણા કિસ્સામાં સંતાનો હોય ત્યારે સંતાનોની લાઈફનો વિચાર કરીને પણ પતિ-પત્ની એક છત નીચે રહેવા મજબુર બનતા હોય છે. આવાં ભીતરથી દુ:ખી કપલ્સે સમાજ અને દુનિયા સમક્ષ પરાણે સ્માઈલિંગ ફેસ રાખવો પડતો હોય છે. જેમને સમાજ ''હેપ્પી કપલ'' અને ''હેપ્પીલી મેરિડ લાઈફ'' તરીકે ઓળખાવતા હોય છે. ભીતરની વાત તો આ બે જણા જ જાણતા હોય છે.

આજની નારી મોટા ભાગે ઉચ્ચ શિક્ષિત હોય છે અને વર્કિંગ વૂમન યા એન્ટ્રપ્રિનિયોર પણ હોય છે. પતિ ઉપર ઈકોનોમિકલ ડિપેન્ડન્સી હોતી નથી. આર્થિક રીતે પગભર નારીને પોતાના રૂપિયા કે ટાઈમનો કોઈને હિસાબ આપવો પડતો નથી. આ સ્થિતિ સ્ત્રીને પોતાની લાઈફ પોતાની ચોઈસ પ્રમાણે જીવવાની લિબર્ટી આપે છે.

નોકરીયાત સ્ત્રી જ્યારે ઘરનો તમામ ખર્ચ ઉઠાવતી હોય, સંતાનોની સ્કૂલ ફીઝ, ટ્યુશન ફી, મોબાઈલ બિલ, લાઈટ બિલ, ગ્રેઈન એન્ડ ગ્રોસરી વગેરે તમામ ડોમેસ્ટિક એક્સ્પેન્સિસ પોતે ચુકવતી હોય ત્યારે પતિના મોંઢે ફેવિકોલ લાગી જાય અને તે કશું જ ના બોલી શકે એ પણ એક વાસ્તવિકતા છે. ઘણા કિસ્સામાં પતિનો પગાર પત્ની કરતા ઓછો હોય ત્યારે પણ મેલ ડોમિનેટિંગ એરેન્જમેન્ટનો છેદ ઊડી જતો હોય છે.

લગ્નબાહ્ય સંબંધોના સંજોગ ઉભા થવાનું કારણ ઓફિસ-અવર્સ પણ ખરા. કેમ કે નોકરીયાત સ્ત્રી હોય કે નોકરીયાત પુરુષ, તેઓ ઘર કરતા વધુ અથવા ઘર જેટલો જ સમય ઓફિસમાં સાથે સાથે ગાળતા હોય છે. પતિ અથવા પત્ની કરતા સહકર્મચારી સાથે વધુ સમય રહેવાનું આવે ત્યારે હંમેશ સંબંધ બંધાય એવું નથી. પરંતુ આ એક નાનકડું કારણ પણ ખરું.

નોકરીમાં સાથે ચા-કોફી પીવા કે લંચ લેવા બેસવું એ સામાન્ય બાબત છે. આ રીતે રિશેષ ટાઈમ કે રિલેક્સ ટાઈમમાં બે સહકર્મચારી પોતાની ઓફિસની વાતોની સાથે સાથે પર્સનલ લાઈફની વાતો પણ શેર કરતા જ હોય છે. એકબીજાના કપરા સમયમાં એકમેકને મોરલ સપોર્ટ આપવાથી વાત આગળ વધે પણ ખરી. જો કે દરેક પ્રોફેશનલ રિલેશનને શંકાની નજરે જોવા જોઈએ નહીં.

સ્ટોપર :

''પ્રેમમાં પાગલપન ન હોય તો એ પ્રેમ જ નથી.''

- રુમિ

સેન્સેશનલ 'સેલ્ફી'...!! ચલ બેટા, સેલ્ફી લે લે લે રે...!!

પોતાના ફોટા લેવાની ઘેલછામાં આપણે કયાં છીએ? સાથે કોણ છે? પરિસ્થિતિ કેવી છે? ચહેરાના હાવભાવ કેવાં છે? કશાનું ભાન રહેતું નથી, અને ક્લિક કરવા લાગીએ છીએ ફટાફટ સેલ્ફી...ચાર મિત્રો ભેગાં થયા નથી કે ખેંચો સેલ્ફી, કોઈ સરસ મોટર સાઈકલ દેખાય તોય અને કોઈ કાર દેખાય તોય, કોઈ ગરબા રમતી છોકરી કે પછી ધ્વજ વેચતી છોકરી દેખાય તો એની સાથે સેલ્ફી...

હમણાં થોડાં દિવસો પહેલાં આપણાં પૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામનું નિધન થયું અને એમનાં અંતિમ દર્શન માટે લાઈન લાગી હતી, અને ત્યાં હાજર હતો એક 'સેલ્ફીશ' વર્ગ... અરે, ભાઈ પ્રસંગ તો જુઓ અબ્દુલ કલામના પાર્થિવ દેહ સાથે સેલ્ફી ફોટા લેતા બિરાદરો જોઈને આપણી સંવેદના કેટલી સેલ્ફીશ થઈ છે એ જ દેખાતું હતું! સેલ્ફી લેવાનો ક્રેઝ એ આટલી હદે જઈ શકે? ત્યારે આંચકો આવી જાય છે...

આવો જ એક અનુભવ હમણાં અમિતાભ બચ્ચનને થયો. તેઓ કોઈની અંતિમ યાત્રામાં જોડાયા હતા. ત્યાં પણ એમનાં ચાહકો એમની સાથે સેલ્ફી લેવા પડાપડી કરવા લાગ્યાં. બચ્ચને હાથ જોડીને વિનંતી કરી, 'કિસી કે મોત કા તો મલાજા રખીએ, આપકા પ્યાર હૈ લેકીન કિસી કે મૌત સે અધીક તો નહીં!'

સ્માર્ટફોનનો યુગ આવી ગયો છે. ટચ સ્કિનનું રમકડું હવે બધાંના ખિસ્સામાં સમાઈ ગયું છે. બંને બાજુ કેમેરો ધરાવતાં મોબાઈલના વ્યાપ બાદ તો પોતાના ફોટા જાતે જ પાડીને સોશ્યલ મિડીયા પર ચઢાવવાનો ક્રેઝ અને સેલ્ફીની ડિમાન્ટ તો જોરદાર થઈ ગઈ છે... જો કોઈ આ સ્માર્ટ ફોન અને સોશ્યલ મીડિયા પર છે એમણે તો રોજ ઠેકઠેકામે લીધેલાં ફોટાના દર્શન કર્યા સિવાય છૂટકો જ નથી!

સેન્સેશનલ સેલ્ફીનો મહિમા તો જુઓ,આપણે સૌ રોજબરોજ જે સેલ્ફી લઈએ છી એના આંકડા ગજબના છે. દર વર્ષે એક લાખ કરોડ સેલ્ફી લેવાય છે. એટલે દિવસમાં લગભગ ૨૭૨ કરોડ સેલ્ફી દુનિયાભરમાં ક્લિક થઈ જાય છે... ખાલી ઈન્સ્ટાગ્રામ નામની સાઈટ પર જે સેલ્ફી ટેગ કરેલા સાડા પાંચ કરોડ ફોટો ઝુલી રહ્યા છે. ફેસબુકના સ્ટેટસ પર સેલ્ફી જેવો શબ્દ હોય એવા ફોટા અઠવાડિયે ત્રણ થી ચાર લાખ થવા જાય છે... આવું એક અહેવાલમાં વાંચવામાં આવ્યું હતું...

> **ચાલને મોબાઈલ બાજુ પર મુકીએ, હાથમાં હાથ નાંખી બિન્દાસ ફરીએ! બહુ થયું ગૃપી અને સેલ્ફીનું નાટક, ચાલને મસ્ત તસવીર સંબંધની ખેંચીએ!**

અને આના પરથી એટલું જ ખબર પડે કે હવે સેલ્ફીએ માનસિકતા બનતી ચાલી છે. શહેરના એક મનોવૈજ્ઞાનિક ડૉકટર તો સેલ્ફીના ટ્રેન્ડને પાગલપન કહે છે... કોઈ નવો ટ્રેન્ડ આવે એટલે આપણે એમાં તણાતા હોઈએ છીએ. જેમ આપણે દરિયાના મોજા પર સવાર થઈએ એમ જ સેલ્ફીનું મોજું યુવાનીને સવાર કરી સહેલ ખવડાવી રહી છે... સેલ્ફી પાછળ કોઈ આર્ટ કે વિચાર કશું જ નથી, બધાં જ સેલ્ફી પાડે છે, તો આપણેય બે-ચાર સેલ્ફી લો ને, બસ આજ મનોવૃત્તિ બનતી ચાલી છે...

ગરબા રમતા કોઈ સરસ સ્ટાઈલ દેખાય અને સેલ્ફી લઈએ, સારાં સિંગર સાથે, મોડેલ, હીરો-હીરોઈન, ક્રિકેટર, અન્ય કોઈ સેલિબ્રિટી સાથે સેલ્ફી લઈએ, એકાદ - બે લઈએ ત્યાં સુધી તો બધું બરાબર છે. પણ કોઈ પણ સમયે - પ્રસંગે કોઈ પણ સાથે સેલ્ફી લેતાં જ રહેવું એને તો પાગલપન જ કહેવાય ને?

કોઈ ટ્રેન્ડ આવે અને એને ફોલો કરીએ એમાં કશું જ ખોટું નથી. જમાના સાથે રહેવું જ જોઈએ. પણ પોતાના ફોટા ખેંચવાની લ્હાયમાં ભાન ભૂલી જાન ગુમાવતાં કે અકસ્માતનો ભોગ બનતાં તો બચવું જ જોઈએ... બહુમાળી બિલ્ડીંગ પર ચઢીને સેલ્ફી લેતાં કે ડુંગરની ટોચે પહોંચી કે પછી નદી-દરિયામાં સ્ટિમર - બોટ પર સેલ્ફી, મોટર સાયકલ પર ખુલ્લા હાથે સવારી કરતાં સેલ્ફી લેવાં જાય અને એમાં એવાં પછડાય છે કે એના સીનની સેલ્ફી બીજા લોકો લેવા ભેગાં થઈ જાય છે!

તાજમહલ પર ચઢીને સેલ્ફી પેવા ગયેલા એક જાપાની પર્યટકનો પગ લપસતાં એ સપોર્ટ મરી ગયો... સરોવરની પાળે સેલ્ફી લેવા ગયેલી છોકરીનો પગ મગર પકડીને એને પાણીમાં ખેંચી ગયો અને એના અસ્થિ પણ ન મળ્યાં... ગણપતિ વિસર્જન વખતે ગણપતિ સાથે સેલ્ફી લેવા જતાં સાબરમતીમાં એક યુવાન ડુબ્યો અને એના બચાવવા જનાર બીજોય સાથે ગયો... કહેવાનો ભાવાર્થ એટલો કે પોતાનો જીવ જાય એટલી હદે સેલ્ફીના ક્રેઝી ન બનાય!

રસ્તા પર અકસ્માત થાય ત્યારે ઘાયલને મદદ કરવાની જગ્યાએ એ ઠોકાયેલી ગાડી સાથે સેલ્ફી લેતાં યુવાનોને જોઈએ ત્યારે થાય કે સંવેદના કયાં ચાલી ગઈ? સેલ્ફીના કારણે સેલ્ફીશ વધુ બનવા લાગ્યા છીએ... સેલ્ફી ફોટા લેવાં એ કંઈ એ કંઈ આજની બાબત નથી. પોતાના ફોટા જાતે જ પાડવા એ તો બહુ જુની સ્ટાઈલ છે, માત્ર આજે ટેકનોલોજીના કારણે સેલ્ફી વધુ ફેમસ થઈ ગઈ છે...

કેમેરાની શોધ જયારે દોઢ-સો બસો વર્ષ પહેલાં થઈ ત્યારેય પોતાનો ફોટો જાતે જ પાડવો એવી માનસિકતા હતી જ. ફોટોગ્રાફીના પ્રણેતા રોબર્ટ કાર્નેલિઅસે ૧૮૩૯માં પોતાનો ફોટો પાડવાનો પ્રયત્ન કર્યો હતો... એમણે પોતાની દુકાનની સામે જ ઊભો રહીને પાડેલો પોતાનો જ ફોટો એ વર્લ્ડનો ફર્સ્ટ સેલ્ફી કહેવાય છે!!

પોતાનો ફોટો અરિસામાં જોઈને પાડવાનો પણ એક ટ્રેન્ડ આવેલો. આજની યંગ જનરેશન જો એમના પેરેન્ટ્સના જૂના આલ્બમ શોધશે તો એમાં એમના અરીસા સામે લીધેલા સેલ્ફી મળી આવશે... ૧૯૬૯ની સાલમાં ચંદ્ર પર ગયેલા બઝ અલ્ડ્રીન નામના વૈજ્ઞાનિકે ચંદ્ર પર પોતાની પ્રથમ વૈજ્ઞાનિક રોવરે રોબોટના રુપમાં મંગળ પર લેન્ડ કર્યા બાદ ત્યાની પોતાની સેલ્ફી મોકલી હતી... કોઈક વિશિષ્ટ જગ્યાએ બીજું કોઈ ન હોય ત્યાં સેલ્ફી લઈ પુરાવો સાબિત કરવાનો આ શ્રેષ્ઠ વિકલ્પ સેલ્ફી...

લોકસભાની ચૂંટણીમાં મતદાન કરીને બહાર આવ્યા બાદ નરેન્દ્ર મોદીએ કમળ હાથમાં લઈ લીધીલે સેલ્ફીના વાદ-વિવાદનો રંગ તો હજુયે બરકરાક છે... નરેન્દ્ર મોદી વિશ્વના વિવિધ દેશોના પ્રવાસ વખતે ત્યાંના પ્રધાનો અને ચાહકો સાથે સેલ્ફી લઈને સતત ચર્ચામાં રહેતાં જ હોય છે!!

ફ્રન્ટ કેમેરાની મદદથી લેવાતી સેલ્ફી એ આમ તો ખૂબ મજાનું અને કોઈને હાથ લંબાવ્યા વગર ફોટા પાડવાનું શ્રેષ્ઠ માધ્યમ છે... સેલ્ફીની સ્ટીક પણ મળતી થઈ છે, ફટાફટ પોતાના ફોટા લેવા માટેની આ સેન્સેશનલ સેલ્ફી ખરેખર વિકૃત માનસિકતા ન બને તો સારી જ છે, ચાલો આ વાત પર બજરંગી ભાઈજાનનું સલ્લુ મિયાંનું ગીત યાદ કરીએ... ચલ બેટા, સેલ્ફી લે લે લે રે...

> **ચૂંટલો :** સીખ જાઓ વક્ત પર કિસી કી કદર કરના... શાયદ સેલ્ફી ઈસ બાત કા પ્રમાણ હૈ કી હમ જિંદગીમે ઈતને અકેલે રહ ગયેં હૈ કી હમારે આસપાસ હમારી ફોટો ખેંચીને વાલે યાર-દોસ્ત ભી નહીં બચે...